મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

સચિવાલય ગેટ નં. ૭ પાસે ફેન્સીંગ કરાઈ

ગાંધીનગર, તા.૩૦

નવા સચિવાલય પાસેના પોઈન્ટ બસ સ્ટેન્ડની આસપાસ સ્થાનિક તંત્રએ દબાણકારોના ત્રાસથી હવે ફેન્સીંગ ઉભી કરી નાંખી છે. સ્થાનિક તંત્ર એ આવા અનેક વિસ્તારમાં પણ ફેન્સીંગ કરવા તજવીજ હાથ ધરી છે.

શહેરમાં સંખ્યાબંધ સ્થળો પર ખુલ્લા પ્લોટો મેદાનોની આસપાસ દબાણકારોએ કાચા-પાકા અને લારી-ગલ્લાના દબાણો ઉભા કરી દીધા છે. શહેરના હાઈપ્રોફાઈલ ગણાતા સચિવાલય સંકુલની આસપાસ પણ મુખ્ય માર્ગની ફુટપાથ પર ખુલ્લેઆમ દબાણકારો અડીંગો જમાવી બેસી ગયા છે હાલ ઉનાળાની સીઝનમાં ઠેર ઠેર કેરીના વેપારીઓ કેરીની પેટીઓનો પથારો પાથરી દે છે જયારે કેટલાક વેપારીઓએ ઠંડા પીણાની લારીઓ ઉભી કરી નાખી છે. પરિણામે વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. સચિવાલય સંકુલના ગેટ નં. ૭ની ડાબી બાજુથી લઈ પોઈન્ટના બસ સ્ટોપ સુધીના વિસ્તારમાં વર્ષોથી દબાણકારો દબાણ કરી તંત્રના માથાનો દુઃખાવો બની ગયા છે ત્યારે આ દબાણના કાયમી ઈલાજ રૂપે દબાણ તંત્રએ હવે ગેટ નં.૭થી પોઈન્ટના બસ સ્ટોપ સુધીના વિસ્તારમાં ફેન્સીંગ કરી નાંખી છે જેથી હવે દબાણકારો અહીંથી દૂર થઈ ગયા છે.

સે-૬માં પતિએ પત્નિને ઈસ્ત્રીથી ફટકારતા ઘાયલ

ઘરની સાફસફાઈ બાબતે બાવા દુર કરવાની બાબતે માથાકુટ થઈ

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં સેકટર-૬ ખાતે ગઈ મોડી સાંજે એક મકાનમાં નજીવી બાબતે પતિ-પત્નિ વચ્ચે મોટી માથાકુટ થઈ જવા પામી હતી. આ બબાલમાં પતિએ ઈસ્ત્રીથી પત્નિ ઉપર હુમલો કરતા પત્નિ ઘાયલ થઈ જવા પામી હતી. દિકરીએ બંનેને માંડ છોડાવ્યા અને ઈજાગ્રસ્ત માતાને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગઈ હતી. આ માનલો આખરે પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પત્નિની ફરિયાદને આધારે પોલીસે પતિ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૬-ડીમાં ગઈ મોડી સાંજે સાડા નવ વાગ્યાના અરસામાં એક મકાનમાં પતિ પત્નિ વચ્ચે ઝગડો થયો હતો. પત્નિ ઘરમાં કચરો વાળતા હતા ત્યારે પતિએ ટકોર કરીને કહ્યું કે રુમમાં બાવા કેમ થઈ ગયા છે? તેમ કહી ગાલાગાળી કરી હતી. પત્નિએ ગાળો બોલવાની ના પાડતા પતિ ઉશ્કેરાઈ ગયા હતો અને બાજુમાં પડેલી ઈસ્ત્રી પકડીને પત્નિ ઉપર ઈસ્ત્રીથી હુમલો કર્યો હતો. માથે અને બરડે ઈસ્ત્રીથી હુમલો કરી ગડદાપાટુનો માર મારવાનું પતિએ શરુ કરતા પત્નિની બુમાબુમથી દિકરી તથા પડોશીઓ દોડી આવ્યા હતા. દિકરીએ બંનેને છુટા પાડીને ઈજાગ્રસ્ત મમ્મીને હોસ્પિટલ ખસેડી હતી. ઈજાગ્રસ્ત માતાની ફરિયાદ લઈ સે-૭ પોલીસે હુમલો કરનાર પતિ સામે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

બેને ભાઈને ટકોર કરતા ભાઈએ બેનને મંદિરની ઘંટડીથી મારી

સેકટર-૧૩માં રહેતા શિક્ષિકાબેનને ગઈ સમી સાંજે તેણીના ભાઈએ મારતા આ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. શિક્ષિકાબેન પોતાના ૧૨ વર્ષના દિકરા સાથે પિયરમાં રહે છે. ગઈ કાલે બપોર પછી મામાએ ભાણીયાને શોપીંગે પકોડી લેવા મોકલ્યો હતો બેને કહ્યું કે ગરમીમાં ક્યાં પકોડી લેવા મોકલે છે? ભાઈને ગુસ્સો ચઢી ગયોને બાજુમાં મંદિર પાસે જઈ ઘંટડી પકડીને બેનના માથે મારી દીધી હતી. લોહી નીકળતા બેનને હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાઈ હતી. આ મામલો સે-૭ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને બેનની ફરિયાદને આધારે પોલીસે ભાઈ સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

દરેક રાજયના પોલીસવડાને ઈ.સી.આઈ. દ્વારા

ઈ.વી.એમ.ના ગોટાળા અંગે ગુપ્ત રીતે તપાસ કરવા નોટીસ..!

ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાના લેટર પેડ અને નોટીસ બોગસ હોવાનું ખુલ્યું : કોઈ શખ્સે બનાવટી લેટર હેડ તૈયાર કરી નોટીસ ટાઈપ કરીને ડે. ચીફ ઈલેકટ્રોટલની બોગસ સહી કરી નોટીસ મોકલી હોવાનું ખુલતા અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ : ગાંધીનગર એસઓજીએ તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૩૦

ચુંટણી દરમિયાન વપરાતા ઈવીએમ મશીન પહેલેથી જ ચર્ચામાં રહ્યા છે અને ઈવીએમમાં ગોટાળા થતા હોવાથી સત્તા એક જ પક્ષના શિરે જાય છે તેવી અનેક શંકાઓ અગાઉ વિપક્ષો દ્વારા સેવવામાં આવી છે. ઈવીએમ હટાવવા માટે રેલી-ધરણાઓ પણ યોજાયા છે અને સંગઠનો પણ બન્યા છે. આટ આટલા વાદવિવાદ વચ્ચે એક વધુ સ્ફોટક વિગત બહાર આવી છે. ઈલેકશન કમીશન ઓફ ઈન્ડીયાના લેટર હેડ દરેક રાજયના પોલીસ વડાઓને મળ્યા છે. જેમાં ઈવીએમ પર ૩૦ દિવસમાં ઈન્કવાયરી કરીને રીપોર્ટ કરવા સુચના લખેલી નોટીસ ટાઈપ કરેલી છે. આ લેટર હેડ મામલે તપાસ કરતા બહાર આવ્યું છે કે દિલ્હીથી ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા દ્વારા આવી કોઈ જ પ્રકારની નોટીસ ઈશ્યુ કરવામાં આવી નથી. કોઈએ બોગસ લેટર હેડ બનાવીને આ નોટીસ દરેક રાજયમાં મોકલી છે. આ મામલે સે-૭ પોલીસમથકમાં અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી એસ.ઓ.જી. પી.આઈ.એ ઉંડી તપાસ આરંભી છે.

મળતી વિગત મુજબ દોઢેક મહિના પહેલા બીજી એપ્રીલે દેશના દરેક રાજયના પોલિસ વડા, કમિશનર્સ અને એસ.પી.ને ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હીના નામે લેટર હેડ ઉપર નોટીસ મોકલાઈ હતી. ડે. ચીફ ઈલેકટ્રોટલ ઓફીસરની સહી સાથેની આ નોટીસમાં ઈવીએમ બાબતનું લખાણ હતું. ઈવીએમના દુરુપયોગથી દેશની લોકશાહી ખતરામાં છે. જો ખરેખર ઈવીએમમાં ગોટાળા હોય તો પોલીસે ગુપ્ત તપાસ કરી આ કૌભાંડનું ઈન્વેસ્ટીગેશન કરવું જોઈશે. ૨૦૧૯માં યોજાનાર લોકસભા ચુંટણી પહેલા આ ઈન્વેસ્ટીગેશન થવું જરુરી છે. આ બાબતે ગુપ્ત રીતે તપાસ કરી ઈવીએમ સ્કેમ અંગે ૩૦ દિવસમાં ઈફેકટીવ રીપોર્ટ ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયામાં સબમીટ કરવું. આ સંપૂર્ણ રીપોર્ટ ગુપ્ત રાખવા. ઉપરોકત બાબતનું લખાણ લેટરપેડ ઉપર લખેલું હતું. જે અનુસંધાને પોલીસ દ્વારા ખરાઈ કરવામાં આવી હતી. ન્યુ દિલ્હી ઈલેકશન કમીશન ઓફ ઈન્ડીયાની આ નોટીસ બનાવટી લેટરહેડ ઉપર કોઈ શખ્સ તૈયાર કરી હોવાનું ખુદ ઈલેકશન કમીશન ઓફ ઈન્ડીયાએ જણાવી આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા દરેક રાજયના ચુંટણી પંચને આદેશ આપવામાં આવ્યો હતો. જે અનુસંધાને ગુજરાતમાં ગાંધીનગર સે-૭ પોલીસ ઈન્સ્પેકટરની ફરિયાદ આધારે પોલીસે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૯, ૪૭૧ મુજબ ગુનો દાખલ કરી ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીએ ઘટનાની ઉંડી તપાસ આરંભી છે.

સર્જરીના ઓપરેશન થિયેટરની ટપકતી છત ક્યારે બંધ થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા બિલ્ડીંગના પાંચમા માળ પર આવેલા સર્જરીનું ઓપરેશન થિયેટર છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે. આ ઓટીમાં છતમાંથી પાણી ટપકે છે. જેને પગલે હાલ સર્જરીના ઓપરેશન ત્રીજા માળે આવેલ ઓપરેશન થિયેટરમાં કરવામાં આવે છે. જયારે ટપકતું પાણી તો બંધ થઈ ગયું છે તેવો તંત્રનો દાવો છે. ત્યારે બેકટેરીયા મુકત સર્જરી ઓપરેશન થિયેટર છે કે કેમ તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ તે ટેસ્ટનો રીપોર્ટ પોઝીટીવ આવતા હાલ પુરતું સર્જરી ઓટી બંધ હાલતમાં છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આધુનિક અને અધ્યતન બનાવાઈ છે તેમ છતા રોજ નીતનવી સમસ્યાઓ સામે આવે છે. સિવિલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. ગાંધીનગર સિવિલમાં તાવથી માંડીને ડાયાલીસીસ ના દર્દીઓ આવે છે. નવી બિલ્ડીંગમાં દરેક વિભાગના માળ અને ઓપરેશન થિયેટર નિયત કરી દેવાયા છે. જેથી દર્દીઓને હેરાન કે પરેશાન થવાનો વારો આવે નહી.ત્યારે સિવિલની નવી બિલ્ડીંગના પાંચમા માળે સર્જરી વિભાગનો વોર્ડ અને ઓટી આવેલું છે. જયારે સર્જરી ઓટી છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે, સર્જરીના ઓટીમાં પાણી ટપકતું હતું. તંત્ર દ્વારા તેનું રીપેરીંગ કામ હાથ ધરાયું હતું અને ઓટીમાં ટપકતું પાણી બંધ કરી દેવાયું હતું. ઓટી કાર્યરત કરવા માટે બેકટેરીયા મુકત છે કે નહી તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ તે ટેસ્ટ પોઝીટીવ આવતા હાલ પુરતુ ઓટી બંધ રાખવામાં આવ્યું છે. ત્યારે સર્જરીનું ઓટી સત્વરે કાર્યરત થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

@ગાંધીનગર

● ટોબેકો ડે નિમિત્તે સેકટર-૨૧ પુસ્તકાલયમાં સવારે ૯ થી ૧૧ દરમિયાન જિલ્લા એન.સી.ડી. સેલ દ્વારા ડાયાબીટીસ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

વાતવાતમાં

ગાંધીનગરમાં એમઆરઆઈ માટેનું કેન્દ્ર રવિવારથી શરુ થઈ રહ્યું છે. નાની-મોટી બિમારીઓમાં એમઆરઆઈ માટે અમદાવાદ દર્દી લઈ જવાની ઝંઝટમાંથી હવે મુકિત મળશે.

વ્યાયામ અને કલા શિક્ષકોની ભરતી કરવા ઉગ્ર માંગ

૪ વર્ગે એક વ્યાયામ શિક્ષક અને ૭ વર્ગે એક ચિત્ર શિક્ષક હોવા જોઈએ, સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારોએ સુત્રોચ્ચાર કરી રોષ ઠાલવ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે ગુજરાતભરમાંથી વ્યાયામ,સંગીત, ચિત્ર કલાના ઉમેદવારો ઉમટી પડ્યા હતા. રાજયની પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૫ થી ઉમેદવારોની ભરતી કરવામાં આવી નથી. જયારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહેકમના નિયમ મુજબ ૭ વર્ગ બરાબર એક ચિત્ર શિક્ષક અને ૪ વર્ગ બરાબર એક વ્યાયામ શિક્ષક હોવા જોઈએ. પરંતુ સરકાર દ્વારા વ્યાયામ, સંગીત અને ચિત્ર કલાના ઉમેદવારોની ભરતી કરવામાં આવી નથી. જેને પગલે ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા સરકારના કાને બેરોજગાર ઉમેદાવારોની રજુઆત સંભળાતી નથી. ત્યારે આજે સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારો એકઠા થયા હતા અને સરકાર સામે સુત્રોચ્ચાર કરીને શિક્ષણમંત્રી અને જિલ્લા કલેકટર આવેદન પત્ર પાઠવી ઝડપી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

ગુજરાત વ્યાયામ હીત રક્ષક સમિતિ અને વ્યાયામ અને કલાસંઘના નેજા હેઠળ આજે ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થઈને સરકાર સુધી પોતાની રજુઆત પહોંચે અને યોગ્ય નિવેડો આવે તે માટે એકઠા થયા હતા અને જિલ્લા કલેકટર અને શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવ્યું હતું. ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ હેઠળ સમગ્ર રાજયમાં ધરણા અને વિરોધ પ્રદર્શન કરતા ગુજરાત રાજયની ચુંટણી પૂર્વે રાજયના ઉપમુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ દ્વારા આચાર સહિતા પહેલા પ્રેસ યોજીને ૧૭૩૯ વ્યાયામ અને

૧૭૩૯ ચિત્રના શિક્ષકોની એમ અંદાજીત ૩૪૭૭ જગ્યાની ભરતી કરવામાં આવશે તેમ જાહેર કર્યું હતું. અને આરટીઆઈ ૨૦૦૯ મુજબ ઉપરોક્ત વિષયોનો સમાવેશ અંશકાલીન તરીકે કરવામાં આવ્યો છે જેનો અર્થ પાર્ટટાઈમ અંશકાલીન એવો થાય છે. આ માટે દરેક રાજયને ભરતી કરવી તેવી કેન્દ્ર તરફથી જોગવાઈ કરાઈ છે અને દરેક રાજયને કેન્દ્ર દ્વારા ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી છે. તેમ છતા સરકાર દ્વારા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં પ્રવાસી શિક્ષકો તરીકે ભરતીની જાહેરાત આપવામાં આવી. જયારે નામદાર હોઈકોર્ટ દ્વારા પ્રવાસી શિક્ષક તરીકે ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેને પગલે ખુદ પ્રાથમિક નિયામક દ્વારા ભરતી ન કરવાનો પરિપત્ર જાહેર કર્યો હતો. જયારે હાલ અમારી ભરતીને પ્રવાસી તરીકે આદેશ જાહેર કરવામાં આવ્યો છે. તે ભારત સરકારના નિયમ મુજબ અયોગ્ય છે તેમ ઉમેદાવારોનું માનવુ છે. માનદ વેતનથી પ્રવાસી શિક્ષક તરીકે શારીરીક શિક્ષણ અને ચિત્ર શિક્ષકોની નિમણુંક કરવાનો જે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે.ત્યારે વ્યાયામ અને ચિત્ર કલાના ઉમેદવારોને મળવાપાત્ર વેતન નિયમ અનુસાર આપવામાં આવે તેવી ઉમેદવારોની માંગ છે.

સાંઈ કોમ્પલેક્ષના સ્વીંમીગ પુલમાંથી મૃત શ્વાન મળી આવ્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી શરુ થતા નગરના તમામ સ્વીંમીગ પુલમાં તરવૈયાઓની ભારે ભીડ જોવા મળે છે. વેકેશનનો માહોલ હોવાથી નાના બાળકો માટે સમર કેમ્પ પણ યોજાયા હતા. જેમાં બાળકો સ્વીંમીગ શીખી રહ્યા હતા. સેકટર-૨૧, ૧૯ અને સાંઈ ખાતેના સ્વીંમીગ પુલમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયામાં આવેલા સ્વીંમીગ પુલમાં એક શ્વાન ખાબક્યો હતો. ત્યારબાદ આ શ્વાન મૃત પામ્યો હતો. જયારે સવારે આવતા સ્વીમીંગ માટે આવતા એક વ્યકિતની નજર પડી હતી. તેને આ મૃત શ્વાનને જોતા બુમાબુમ કરી હતી. ત્યારબાદ સ્વીંમીગ માટે આવેલા કોર્પોરેટર નાજાભાઈએ નેટ અને બાસકેટનો ઉપયોગ કરીને આ કુતરાને બહાર કાઢ્યું હતું.

શનિવારે સવારે સે-૧૬માં મેજીશ્યિન ડોલરનો જાદુનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૦

જાદુ એક કળા છે પરંતુ સમાજમાં અનેક ઢોંગી ધુતારાઓ આ કળાનો ઉયોગ ભોળી અભણ અને નિર્દોષ પ્રજાને ગેરમાર્ગે દોરી અંધશ્રધ્ધાના ચક્રવ્યુહમાં ફસાવી ઠગવાનું કામ કરતા હોય છે. હેપ્પી યુથ કલબ દ્વારા આ બાબતે જાગૃતિ ફેલાવવા સાથે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને અંધશ્રધ્ધા દુર થાય તે હેતુથી છેલ્લા દસ વર્ષથી સેવા આપતા જાણીતા જાદુગર ડોલર ચુડાસમા ઉર્ફે મેજીશ્યિન ડોલરના જાદુના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તા. ૨જી જૂન શનિવારના રોજ સવારે ૮.૪૦ કલાકે સે-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે મેજિશ્યન ડૉલર છેલ્લા દસ વર્ષથી જાદુ થકી અંધશ્રધ્ધા નિર્મૂલન ક્ષેત્રે કાર્યરત છે અને તે માટે સન્માનિત થઈ ચુકયા છે. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ તથા હેપ્પી યુથ કલબના સ્વયંસેવકો પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા હેપ્પી યુથ કલબ તરફથી જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડભોડાના જીવદયા પ્રેમીઓએ ઈજાગ્રસ્ત રાષ્ટ્રીય પક્ષી મોરને બચાવ્યો

ચિલોડા, તા.૩૦

ડભોડા ગામના સિમાડે ઈજાગ્રસ્ત મોર મળી આવ્યો હતો. ચિલોડા-ડભોડા રોડ પર રામનગરની સીમમાં એક ખેતરમાંથી ઈજાગ્રસ્ત

મોર મળતા સ્થાનિકો અને જીવદયા પ્રેમીઓએ પ્રાથમિક સારવાર કરી તેને વન વિભાગના અધિકારીઓને સોંપ્યો હતો.

ગ્રામજનોએ ઈજાગ્રસ્ત મોરની તપાસ કરતાં વીજ લાઈનને અડી જતાં મોર ઘાયલ થયો હતો. જાગૃત નાગરિકના જણાવ્યાનુસાર વીજલાઈનના કારણે ઘણાં પક્ષીઓ ઈજાગ્રસ્ત થતાં હોય છે. મોરની પ્રાથમિક સારવાર બાદ આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગની ટીમ ઘાયલ મોરને ગાંધીનગર ખાતે વધુ સારવાર અર્થે લઈ ગઈ હતી.

અડાલજમાં મંદિર પાસે ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અમૃતભાઈને ખાનગી બાતમી મળી હતી કે અડાલજ મહાદેવવાળા વાસમાં ચામુંડા માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે દરોડો પાડી અડાલજ પોલીસે પાંચ શકુનીઓને દબોચી લીધા હતા. અડાલજના ગોપાલ ભીખા ઠાકોર, લાલા વીરા ઠાકોર, ગોવિંદ લક્ષ્મણ ઠાકોર, વિષ્ણુ દુધા ઠાકોર અને રામા હોથા ઠાકોર મળી પાંચેય શકુનીઓની રોકડ રૂ. ૧૯૩૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ અડાલજ પોલીસે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

દહેગામના જીવાજીની મુવાડીમાં દેશી દારૂના અડ્ડા ઉપર દરોડો

ગાંધીનગર એલસીબી પી.આઈ. તરલ ભટ્ટની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી આધારે જીવાજીની મુવાડી ગામની સીમમાં જસવંત ગુલાબ ચૌહાણના અડ્ડે દરોડો પાડયો હતો. એલસીબીએ દરોડો પાડી દેશી દારૂ ગાળવાનો ૧ હજાર લીટર વૉશનો જથ્થો પકડી તેનો નાશ કર્યો હતો તે ઉપરાંત ૨૦ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર જશવંત ચૌહાણ સામે ગુનો દખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચરેડી છાપરા ખાતે નાગરિકો માટે ખાસ કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે ચરેડી-છાપરા-પ્રેસ સર્કલ વિસ્તાર

ખાતે નિવાસ કરતા નાગરિકો માટે ખાસ એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મુખ્ય મહેમાનપદે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી અને માન. સિવિલ જજ રાઠૌર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ વિસ્તારના નિવાસીઓને લગતી ખાસ સ્ત્રીઓને પ્રાપ્ત થતા લાભો અને લાભોથી વંચિત લાભાર્થીઓ માટે મદદરૂપ થવા ખાસ જરૂરિયાતમંદ લોકોને સરકારી ખાતાઓ સાથે સંકલન કરી શકાય તેવા કેમ્પ યોજવા માટે હૈયાધારણ આપી હતી.

આ શિબિરમાં આ વિસ્તારના અદના લોકસેવક તથા સમાજસેવક જીલુભા ધાંધલે પણ ખાસ ઉપસ્થિત રહી નાગરિકોને જરુરી સમજણ પુરી પાડી હતી.

આ શિબિરમાં પેરાલીગલ વૉલન્ટીયર સીતારામભાઈ પટેલ, સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, નરેન્દ્રસિંહ વાઘેલા વગેરેએ હાજર રહી પ્રેરણારૂપ માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ પ્રકારની ખાસ કાનૂની શિબિરનું સફળ આયોજન નેશનલ લીગલ સર્વીસીસ ઓથોરીટી દિલ્હીની ખાસ સુચનાનુસાર થઈ રહ્યું છે.

દેહદાન

ગાંધીનગર શહેરના સેકટર-૮ પ્લોટ નં-૩૭૯-૧ ખાતે રહેતા હરીરામભાઈ ટી. ઠક્કરનું ઉં.વ.૬૮નુ તા.૨૯ મે મંગળવારના રોજ દુખદ અવસાન થયું છે. સદ્‌ગતના કુટુંબીજન ચિત્રાબેન બદિયાણીની સંમતિથી સ્વર્ગસ્થના દેહનું દાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું છે. મેડીકલ કોલેજના ડો. સુદર્શન ગુપ્તા તથા જુ.સી.કા.ના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ અને શનિ વાઘેલા દેહદાન કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચિરવિદાય

● સ્વ. ભદ્રેશ અશોકભાઈ દંતાણી, ઉ.વ. ૩૧